# પ્રવૃત્તિઓ માટે હાર્દસમું ઘ-૪ સર્કલ હવે ભૂતકાળ બની ગયું

**શહેરનું હાર્દ કહેવાતાં ઘ-૪ સર્કલે હવે ૬ મીટર ઊંડો ખાડો સર્જાઈ ચુક્યો છે : શહીદો-પિડીતો કાજે કેન્ડલ માર્ચથી લઈને વિજયોત્સવના ફટાકડાનું સાક્ષી બનેલુ સર્કલ હંમેશા પાટનગરવાસીઓના હૃદયમાં જીવિત રહેશે**



ગાંધીનગર, તા. ૨

ક્યારેક એ ગાંધીનગરનું હાર્દ કહેવાયું તો ક્યારેક એ ગાંધીનગરનું ''જંતરમંતર'' કહેવાયું... ક્યારેક અહીં શહેરમાં પંચામૃત ભવનના નિર્માણ માટે કપાવા જઈ રહેલા સેંકડો વૃક્ષોની હૃદયસ્પર્શી વાચા રજૂ કરી વિરોધ પ્રદર્શનનું સ્થળ બન્યું તો ક્યારેક ક્રિકેટના વર્લ્ડકપથી માંડીને રાજકીય વિજયોત્સ્વની ઉજવણીનું યજમાન બન્યું. આ એજ ઘ-૪ સર્કલ હતુ જે અસ્તિત્વમાં આવ્યું ત્યારથી અનેકવાર તેના સ્વરૂપો પણ બદલાયા પરંતુ દરેક વખતે તે પાટનગરવાસીઓના હૃદયમાં વધુને વધુ સ્થાન પ્રાપ્ત કરતું ગયું હતુ અને અંતે વર્ષ ૨૦૧૯ના અંત સાથે શહેરના સૌથી વધુ વ્હાલસોયા સર્કલના અસ્તિત્વનો પણ અંત આવી ચુક્યો છે. આ સર્કલની જગ્યાએ અત્યારે ૬ મીટર ઊંડુ ખોદાણ થઈ ચુક્યું છે અને અફસોસ, પાટનગર ''હાર્દ'' વિનાનું શહેર બની ચુક્યું છે.

પાટનગરમાં કોઈ મિત્રોને ગૃપમાં મળીને ગોષ્ઠિ જમાવવાનું મન થતું તો તેનું સ્થળ ઘ-૪ સર્કલ જ રહેતુ હતુ અથવા શહેરના ગરીબ, મધ્યમ કે તવંગર કોઈપણ વર્ગના પરિવારને દિવસભરની આપાધાયીથી કંટાળી ''પોતાના'' સાથે લગીર બેસી હાશકારો ખાવાનું મન થતું હતુ ત્યારે તેમના ચાલતા પગ, સાયકલ, ટુવ્હિલર કે કાર માત્ર અને માત્ર ઘ-૪ સર્કલે આવીને થોભતી હતી. અહીં દર માસના પહેલા રવિવારે ''પુસ્તક પરબ'' જેવી સાહિત્યિક પ્રવૃતિ યોજાતી હતી. તો ક્યારેક કોઈ યુવા મિત્રોની બર્થ ડે ની કેક કપાતી હતી. આ સર્કલ માર્કેટીંગ-સેલ્સ કરતા એક્ઝિક્યુટિવના ''ટાર્ગેટ'' પુરા કરવામાં મદદરૂપ બન્યું છે તો ફુગ્ગા કે ઝંડા વેચતા શ્રમજીવીઓનો પેટનો ખાડો પુરવામાં ઉપયોગી બન્યુ છે. અનેકવાર આ સર્કલે રાષ્ટ્રકાજે શહીદ થયેલા વીર જવાનોને શ્રધ્ધાંજલિ આપવા કે કોઈ બળાત્કારનો ભોગ બનેલી ''નિર્ભયા''ને ન્યાય અપાવવા આક્રોશ વ્યક્ત કરવા કેન્ડલ માર્ચમાં ઓગળતા મીણની સાથે આંસુ સાર્યા છે. અહીં ક્યારેક યુવા કલાકારના હાથે પીંછી-પેન્સિલના સથવારે સુંદર દશ્યો દોરાયાં છે તો ક્યારેક ''ગીટાર'' કે બાંસુરીના સૂર રેલાયાં છે. અહીં ક્યારેક રેડિયો જોકીએ ઉભા રહી ''કોન્ટેસ્ટ'' રમાડી હતી તો ક્યારેક તેના ફુવારામાંથી ઉડતી ઝીણી ઝીણી રીમઝીમ છાલકે ભૂલકાંઓને ખૂબ રોમાંચ પુરો પાડ્યો છે. ઘ-૪ સર્કલના છેલ્લા અવતારમાં ફૂવારા તો અદૃશ્ય થઈ ગયાં હતા પરંતુ કેસરી રંગના ફુલ આપતું એક વૃક્ષ સહિત કેટલાક વૃક્ષો અને અઢળક રંગબેરંગી ફૂલો હજુ સુધી સૌના મનને મોહી લેતા હતાં. શહેરમાં આવનારા અજાણ્યા મુસાફરો માટે સરનામું શોધવા-દિશા સમજવાનું માધ્યમ બનતું ઘ-૪ સર્કલ હવે કાળની ગર્તામાં વિલય પામી ચુક્યું છે, પરંતુ પાટનગરવાસીઓના હૃદયમાં હંમેશા એક ''સુંદર'' સોહામણી યાદ બનીને કોતરાયેલું જ રહેશે..!!!

# શહેરમાં ૨ હજાર આવાસો જોખમી પણ હજુ ખાલી થયા નથી

**જોખમી આવાસો ખાલી કરાયા બાદ તોડવાનુ કામ હાથ ધરાશે જુના અને કંગાળ આવાસો તોડવાનુ કામ ઝડપથી ન થતા નવા આવાસોના નિર્માણ માટે સ્થળ પસંદગીની પ્રક્રીયા પણ અટવાઇ**

ગાંધીનગર તા ૨

શહેરના સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસો પૈકી રહેણાંકને લાયક મકાનોની સંખ્યા નહીંવત છે. જેના લીધે તબક્કાવાર આવાસો તોડીને નવા મકાનો બાંધવા માટે પણ આયોજન કરવામાં આવે છે. પરંતુ શહેરમાં જુના અને જર્જરિત સરકારી આવાસો જોખમી હોવાનુ જાહેર કરાયા બાદ વર્ષોથી આ મકાનોમાં રહેતા પરિવારજનો જલદીથી મકાન ખાલી કરતા ન હોવાથી તંત્ર માટે મોટો શિરદર્દ ઉભો થયો છે. નવા આવાસોના નિર્માણ માટે જુના મકાનો તોડવાનુ કામ ઝડપથી હાથ ધરાય તે અનિવાર્ય છે. જેને ધ્યાને લઇ સેકટરોમાં જુના આવાસો તોડવા માટે પણ આયોજન થઇ રહ્યુ છે. જુના અને જોખમી આવાસો તોડવા માટે તબક્કારવા વિભાગ કક્ષાએથી મંજુરી પણ આપવામાં આવી રહી છે. જયારે હાલની સ્થિતિએ પણ વિવિધ સેકટરોમાં અંદાજિત ૨ હજાર જેટલા મકાનો તોડવા માટે આવાસ ખાલી કરાવાની પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે. પરંતુ કર્મચારીઓ દ્વારા તંત્રની નોટીસના અંતે પણ જલદીથી આવાસો ખાલી કરવામાં આવતા નથી. જેના લીધે જુના અને જર્જરિત આવાસો તોડવાનુ કામ પણ અટવાયુ છે.એકબાજુ નવા આવાસો બનાવાની કાર્યયોજના અન્વયે પણ સ્થળ પસંદગી કરવાની કાર્યવાહી પણ ઝડપથી થતી નથી. જયારે જુના આવાસો ખાલી ન થતા નવા બનાવવા માટે જગ્યા ખુલ્લી થતી નથી. આ સ્થિતિ વચ્ચે સરકારી ચોપડે આવાસ ઇચ્છુક કર્મચારીઓની પ્રતિક્ષા યાદી મોટી થતી જાય છે. આ સ્થિતિ વચ્ચે સરકારી આવાસો મેળવવા ઇચ્છુક કર્મચારીઓ હજુ પણ પ્રતિક્ષા યાદીમાં જ છે. તેમને ફાળવવા લાયક આવાસો રહ્યા નથી. શહેરમાં અંદાજિત ૧૬ હજાર જેટલા સરકારી આવાસો હતા પ્રથમ તબક્કામાં નિકાલ હેઠળના આવાસોને તોડવાનુ કામ હાથ ધરાયા બાદ તબક્કાવાર અન્ય જોખમી મકાનો પણ તોડવામાં આવી રહ્યા છે. આવાસો તોડવાની કામગીરી ઝડપથી પુર્ણ થાય તો નવા આવાસો બાંધવા માટેનુ આયોજન પણ યોગ્ય સમયે થઇ શકે તેવો પણ સુર ઉઠવા પામ્યો છે.

# બોલો..., શહેરમાં સાવરણાના અભાવે સ્વચ્છતાની કામગીરી ઠપ્પ

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેરમાં સ્વચ્છતાની કામગીરી માટેના સાવરણાઓ ખલાસ થઈ જતાં આજે સફાઈ કર્મીઓને કામ સ્થગિત કરવુ પડે તેવી સ્થિતિ થતાં મનપાના તંત્રમાં હલચલ મચી જવા પામી હતી.

મળતી વિગતો પ્રમાણે સાવરણાઓનો સ્ટોક ખતમ થઈ ગયો હોવાથી નવા સાવરણા હજુ આવ્યા નથી. જે સાવરણાઓ વપરાશમાં છે તેનાથી સ્વચ્છતાનો હેતુ પુરેપુરો સચવાતો નથી. વારંવાર માંગણી કરવા છતાં તંત્રના અધિકારીઓ દ્વારા વાતને ટાળવામાં આવતી હતી.

આજે પરિસ્થિતિ વધુ વણસી હતી. સે. ૧૯, ૨૦ સહિતના ઘણા બધા વી.આઈ.પી. સેક્ટરોમાં સફાઈની કામગીરી લગભગ ઠપ્પ થઈ જતાં તંત્રની ફોનની ઘંટડીઓ રણકવા માંડી હતી. આ પછી તંત્રના અધિકારીઓ પરિસ્થિતિ પામી ગયા હતા અને બે જ દિવસમાં નવા સાવરણા આવશે તેવી હૈયાધારણ આપી સફાઈની કામગીરી હાથ ધરાઈ હતી.

ગાંધીનગર શહેરમાં હાલ એક્ઝીબીશનોની પરંપરા ચાલી રહી છે. એટલે વેસ્ટ પણ મોટી માત્રામાં મળી રહ્યુ છે. બીજુ ઠંડીની મોસમ હોવાને કારણે કર્મયોગીઓ મોડા પડવાની તેમજ રજા પર રહેવાની ઘટનાઓ વચ્ચે શહેરમાં સ્વચ્છતા અભિયાન લગભગ ખોરંભે પડી ગયુ છે.

શહેરના જાહેર માર્ગો તેમજ આંતરિક રસ્તાઓની સફાઈને પણ અસર પડી છે. તો બીજી તરફ શહેરના ખુલ્લા પ્લોટોની પણ સફાઈ પણ અટવાઈ જવા પામી છે. જો કે તંત્રએ આ બાબતે સંપૂર્ણ મૌન રહેવાનો નિર્ણય લીધો છે.

# જિલ્લાના ૧૨૬૭ ખેડૂતો પાસેથી ટેકાના ભાવે ૭૨૬૮૦ બોરી મગફળી ખરીદાઈ

**૭૨૮ ખેડૂતોને ખરીદી પેટે ૬ કરોડ ૪૦ લાખથી વધુની ચુકવણી પણ તંત્ર દ્વારા કરી દેવાઈ**

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લામાં ૧૨૬૭ ખેડૂતો પાસેથી ૭૨૬૮૦ બોરી મગફળીની ખરીદી ટેકાના ભાવે કરવામાં આવી છે.

જિલ્લામાં હાલ મગફળીની ટેકાના ભાવે ખરીદીની પ્રક્રિયા ચાલુ છે. બીજી તરફ બજારમાં પણ મગફળીના ભાવમાં સુધારો થતાં ખેડૂતો હવે ટેકાના ભાવ કરતાં સારો ભાવ મળે તો મગફળીનું વેચાણ બજારમાં પણ કરતા જોવા મળી રહ્યા છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં હાલ દહેગામ અને ચિલોડા ખાતે મગફળીની ટેકાના ભાવે ખરીદી થઈ રહી છે. જિલ્લામાં મગફળીનું વેચાણ ટેકાના ભાવે કરવા માટે ૩૭૫૦ જેટલા ખેડૂતોએ રજીસ્ટ્રેશન કરાવ્યુ હતુ. ૧૨૬૭ જેટલા ખેડૂતોએ તો ટેકાના ભાવે તેમના ઉત્પાદનનું વેચાણ પણ કરી દીધુ છે.

ખેડૂતો પાસેથી ૨૧૮૩૦ કવીન્ટલ મગફળીની ખરીદી કરાઈ છે. અર્થાત ૭૨,૬૮૦ બોરી મગફળીની ખરીદી થઈ છે.

મળતી વિગતો પ્રમાણે તંત્ર દ્વારા ૭૨૮ ખેડૂતોને તો તેમના પાસેથી ખરીદાયેલી મગફળી પેટે ૬ કરોડ ૪૬ લાખ ૪૩ હજાર જેટલુ ચુકવણુ પણ કરી દીધુ છે. જો કે આજ સુધીમાં ૧૨ કરોડથી પણ વધુની ખરીદી થઈ હોવાનું જાણવા મળેલ છે.

આ મગફળીની ખરીદીની પ્રક્રિયા ૩૧મી જાન્યુઆરી સુધી ચાલે તેવી સંભાવનાઓ છે. વચ્ચેના દિવસોમાં જાહેર રજાઓ આવી રહી હોવાથી તે જાન્યુઆરી અંત સુધી લંબાશે તેમ મનાઈ રહ્યુ છે. એક વખત બધાજ રજીસ્ટ્રેશન કરાવનાર ખેડૂતો પાસેથી મગફળી મેળવી લીધા બાદ રહી ગયેલા ખેડૂતો પાસેથી પણ ખરીદવા માટે તંત્ર નિર્ણય લેશે તેમ બિનસત્તાવાર સૂત્રોમાંથી જાણવા મળેલ છે.



સેફટીગાર્ડ - ઉત્તરાયણના આગમનના પગલે શહેરના માર્ગો પર સેફટીગાર્ડના વેચાણ આરંભાયા છે... પતંગ માટેની દોરી ક્યારેક દ્વિચક્રી વાહનચાલકો માટે ઘાતક નિવડે છે... ત્યારે સેફટીગાર્ડની જરૂરિયાત ઉભી થાય છે... સેફટીગાર્ડ દોરીથી બચવા માટે શ્રેષ્ઠ સુરક્ષાકવચ બની રહે છે...


## ભાવભીની શ્રદ્ધાંજલિ



**સ્વ. હરેશભાઈ એસ. જાની**

આપની ખોટ તો કાયમ રહેશે.
આપના સંસ્કારોનું જીવનમાં સિંચન કરી,
આપના આદર્શોને સદાય અનુસરીશું.

રાજેશ પંચોલી
નિશીત વ્યાસ
વૈભવ કમલેશ જાની
મિતુલ જોષી
જય પંચોલી
સમર્પણ પરિવાર


# ક્રોસ રસ્તાથી ૩૦ મીટર દુરના અંતરે થર્મોપ્લાસ્ટની વોર્નિંગ સ્ટ્રીપ કરાશે

**સિગ્નલ ક્રોસ કર્યા બાદ સ્પીડ પકડતા વાહનો ક્રોસ રસ્તા પાસે ધીમા પડે તે માટે નવતર આયોજન**

ગાંધીનગર તા ૨

શહેરના મુખ્ય ઘ અને ચ માર્ગ પર સિગ્નલ ક્રોસ કર્યા બાદ વાહનો સ્પીડ પકડતા ક્રોસ રસ્તા પાસે અકસ્માતોનો ખતરો વધ્યો છે. જેને અનુલક્ષી મુખ્યમાર્ગો પર ક્રોસ રસ્તાઓથી ૩૦ મીટર દુરના અંતરે થર્મોપ્લાસ્ટની વોર્નિંગ સ્ટ્રીપ તૈયાર કરાશે.

શહેરમાં ટ્રાફિક સિગ્નલો કાર્યરત થયા બાદ પણ વાહનોમાં ગતિ નિયંત્રણ જળવાતુ નથી. જેના લીધે સિગ્નલ ઓન થયા બાદ વાહનો પુરપાટ જતા શહેરના મુખ્યમાર્ગો પર સ્થિત ક્રોસ રસ્તા પાસે અકસ્માતનો ખતરો વધ્યો છે. જયારે આ સ્થિતિને ધ્યાને લઇ તંત્ર દ્વારા વોર્નિંગ સ્ટ્રીપ બનાવવા માટે પણ કામગીરી હાથ ધરવામાં આવી છે. જે અન્વયે મુખ્યમાર્ગો પર ક્રોસ રસ્તાથી ૩૦ મીટર દુરના અંતરે થર્મોપ્લાસ્ટના થ્રિ લેયર પટ્ટા કરવામાં આવી રહ્યા છે. નગરના મુખ્ય ઘ અને ચ માર્ગ પર આ મુજબ વોર્નિંગ સ્ટ્રીપ કરવામાં આવશે જેથી મુખ્યમાર્ગો પર

● અનુસંધાન પાન-૭ પર

# આજે જિલ્લા પર્યાવરણના એક્શન પ્લાન માટે કલેક્ટરના અધ્યક્ષપદે મહત્વની બેઠક

ગાંધીનગર, તા. ૨

સ્વચ્છતા સર્વેક્ષણના પરિણામોથી ચોંકી ઉઠેલા તંત્રને હજુ કળ વળી નથી ત્યાં આજે પ્રદૂષણ નિયંત્રણ બોર્ડે પર્યાવરણ માટેના એક્શન પ્લાનને આખરી ઓપ આપવા માટે એક મહત્વની બેઠક જિલ્લા કલેક્ટરના અધ્યક્ષપદે બોલાવી છે.

ગત બેઠકમાં જ જિલ્લાના પર્યાવરણ પ્લાન માટે કરેલી તાકીદ પછી આજે લેવાયેલા પગલાંઓની વિગતો તેમજ ગેપ એનાલિસીસમાંના તારણો સહિતની વિગતવાર ચર્ચાઓ આ બેઠકમાં થવાની છે.

ગત બેઠકમાં કલેક્ટરશ્રીએ ઘનકચરાના વૈજ્ઞાનિક ઢબે નિકાલ માટેની આપેલી સૂચના ઉપરાંત કન્સ્ટ્રક્શન વેસ્ટ, બાયો મેડીકલ વેસ્ટ, ઈ.વેસ્ટ, પ્લાસ્ટીક વેસ્ટના નિકાલ માટે કરાયેલ વ્યવસ્થાનો

● અનુસંધાન પાન-૭ પર

# બ્રહ્મસમાજના અગ્રણી અને જાણીતા બિલ્ડર હરેશ જાનીનુ દુઃખદ અવસાન

**અંતિમયાત્રામાં બ્રહ્મસમાજ અને નગરના અગ્રણીઓ સહીત બિલ્ડરો પણ મોટી સંખ્યામાં જોડાયા : અંબાસણ અન્નપુર્ણા મંદિર ટ્રસ્ટના પ્રમુખ તરીકે પણ તેમણે ઉમદા સેવા આપી હતી**

ગાંધીનગર તા ૨

ગાંધીનગર બ્રહ્મસમાજના અગ્રણી અને અંબાસણ અન્નપુર્ણા મંદિર ટ્રસ્ટના પ્રમુખ સે-૮ માં રહેતા હરેશ સુમનલાલ જાનીનુ બિમારીના અંતે૬૬ વર્ષની વયે અવસાન થતા બ્રહ્મસમાજ સહીત નગરના અગ્રણીઓએ ઘેરા શોકની લાગણી વ્યકત કરી છે. તેમની અંતિમયાત્રામાં બ્રહ્મસમાજના અને નગરના અગ્રણીઓ ઉપરાંત બિલ્ડરો પણ મોટી સંખ્યામાં જોડાયા હતા.



અંબાસણ અન્નપુર્ણા ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ અને ગાંધીનગર બ્રહ્મસમાજના અગ્રણી હરેશ સુમનલાલ જાનીનુ આજે ૬૬ વર્ષની વયે દુખદ અવસાન થતા શહેરમાં શોકની લાગણી વ્યાપી હતી. બિલ્ડર લોબી સહીત નગરના અગ્રણીઓ અને બ્રહ્મસમાજે પણ તેમના અવસાનથી દુખની લાગણી વ્યકત કરી છે. સે-૮ માં ચર્ચની સામે પ્લોટ નં -૮૫૪ ખાતે રહેતા હરેશ સુમનલાલ જાની ઉ વ ૬૬નુ લાંબી બિમારીના અંતે આજે અવસાન થતા બ્રહ્મસમાજ સહીત શહેરના આગેવાનોએ ઘેરા શોકની લાગણી વ્યકત

● અનુસંધાન પાન-૭ પર


ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ



સાયન્સસીટી-સોલામાં નવો શો-રૂમ ખુલેલ છે.

હોલસેલ ભાવે વગર મજુરીએ હોલમાર્ક દાગીના મળશે. (કાયમી ધોરણે)

જુના દાગીનાનું પુરૂ વળતર

(શેરથાવાળા) N. C. Zaveri

GOLD, JADTAR, ANTIQUE, DIAMOND & SILVER.

૮૧૪૧૦૭૫૦૨૫, ૮૭૫૮૬૯૧૩૦૯

શો-રૂમ સમય : બપોરે ૧.૦૦ થી ૬.૦૦ (રવિવારે ચાલુ)
૫૫, સુપર બંગ્લોઝ, સાયન્સ સીટી ગેટ પાસે, સ્વામિનારાયણ મંદિર પાસે, સોલા, અમદાવાદ.



www.capitaloffset.in

**કેપિટલ ઓફસેટ** ®

AN ISO 9001:2008 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com